# External Affairs Minister's meeting with Foreign Minister of Kingdom of Saudi Arabia

September 19, 2021

---

# કિંગ્ડમ ઓફ સાઉદી અરેબિયાના વિદેશમંત્રી સાથે ભારતના વિદેશમંત્રીની મુલાકાત

સપ્ટેમ્બર 19, 2021

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર આજે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે કિંગ્ડમ ઓફ સાઉદી અરેબિયાના વિદેશમંત્રી મહામહિમ પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સાઉદને મળ્યા હતા. કોવિડ-19 મહામારી શરૂ થયા પછી સાઉદી અરેબિયા તરફથી ભારતની આ સૌપ્રથમ મંત્રી સ્તરની મુલાકાત છે. બંને મંત્રીઓએ પોતાના દ્વિપક્ષીય સંબંધો તથા પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

2. બંને મંત્રીઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઓક્ટોબર 2019ની સાઉદી અરેબિયા યાત્રા દરમિયાન બંને પક્ષ વચ્ચે થયેલા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ એગ્રીમેન્ટના અમલીકરણની સમીક્ષા કરી હતી. તેમણે કરાર હેઠળ થયેલી બેઠક અને તે મુદ્દે થયેલી પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. બંને પક્ષોએ વ્યાપાર, રોકાણ, ઉર્જા, સંરક્ષણ, સુરક્ષા, સંસ્કૃતિ, કોન્સ્યુલર મુદ્દા, આરોગ્ય અને માનવ સંસાધનમાં તેમની ભાગીદારીને વધારે મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

3. બંને મંત્રીઓએ અફઘાનિસ્તાનની ઘટનાઓ અને અન્ય પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. તેમણે બહુસ્તરીય મંચ જેવા કે યુએન, જી-20 અને જીસીસી પર દ્વિપક્ષીય સહકાર અંગે પણ ચર્ચા કરી હતી. વિદેશમંત્રીએ ગયા વર્ષે કોવિડ-19 મહામારી હોવા છતાં જી-20નું સફળતાપૂર્વક અધ્યક્ષપદ સંભાળવા બદલ સાઉદી અરેબિયાને અભિનંદન પાઠવ્યા હતા.

4. કોવિડ-19 મહામારી દરમિયાન ભારતીય સમુદાયને આપવામાં આવેલી મદદ બદલ વિદેશમંત્રીએ સાઉદી અરેબિયાને બિરદાવ્યું હતું અને ભારતમાંથી મુસાફરી પરના નિયંત્રણનો વધારે હળવા બનાવવા માટે સાઉદી અરેબિયાને વિનંતી કરી હતી.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 19, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.